<u>ના.શ્રી. ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ભુજ.</u>

**ફોજદારી કેસ નં. ૪૭૮૨/૨૦૨૩**
**આંક–૦૮**

શ્રી સરકાર ....... ફરિયાદી

વિરૂધ્ધ

ફિરોઝહુસેન ઈસ્માઈલ સુમરા,
ઉ.વ. પુખ્ત, ધંધો: કલરકામ,
રહે: કેમ્પએરીયા, ભુજ–કચ્છ. ...... આરોપી

**ગુન્હો :–** **<u>ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) બી મુજબ</u>**

**– : ચુકાદો : –**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધના ગુનાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ જાહેરમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે કેફીપીણુ પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળા વાહનનુ વગર લાયસન્સે ડ્રાઈવીંગ કરતા મળી આવી પકડાય જઈ, ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી આજરોજ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, ગુના સબબ પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરી કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે.

(૪) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **<u>૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિ. નટવરસિંહ હરચંદજી ઠાકોર</u>** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો માનસહ વંચાણે લીધો. જેમાં નામદાર હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ કોર્ટ જે તે કેસ તથા આરોપીના સંજોગો, સ્થિતી ધ્યાને લઈ જો કેસ યોગ્ય અને વાજબી હોય તો કાયદા દ્વારા જે સજા કે દંડની જોગવાઈ હોય તેના કરતા ઓછી સજા કે ઓછો દંડ કરી શકે. હાલના કામમાં ગુનાની ગંભીરતા અને આરોપીની સ્થિતી તથા સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીને કાયદામાં જોગવાઈ કરવામાં

આવેલ તેના કરતા ઓછી સજા કરવી જોઈએ અને સુધરવાની તક આપવી જોઈએ એવુ આ અદાલતનુ સ્પષ્ટ માનવુ છે. કાયદાનો ઉદ્દેશ માત્ર સજા કરવાનો નહી પરંતુ તે વ્યકિતને સમાજમાં સુસ્થાપીત કરવાનો તથા આરોપીને સુધરવાની તક આપવી તેવો પણ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તથા નામદાર વડી અદાલતનો ચુકાદો ધ્યાને લેતા આરોપીને નિયત કરવામાં આવેલ સજા તથા દંડ કરતા ઓછી સજા અને ઓછો દંડ થવો જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ છે.

(૫) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તથા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા તેમજ આરોપી પક્ષે કરવામાં આવેલ રજુઆતોને લક્ષમાં લેતા આરોપી ગરીબ વર્ગના માણસ હોય, કુટુંબના ગુજરાનની જવાબદારી આરોપી ઉપર હોય, ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરતા હોય અને ભવિષ્યમાં આવો બીજો કોઈ ગુનો નહી કરે તેની તકેદારી રાખવાનુ જણાવતા હોય તે સંજોગોમાં આરોપીની ઉપરોકત રજુઆતને ધ્યાને લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

હાલના આરોપીને ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી આરોપીને **રૂપીયા ૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવો અન્યથા માલિકીની ખરાઈ કર્યા બાદ વાહન મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯/૦૪/૨૦૨૫
ભુજ–કચ્છ

**(જ્યોતિ વિરાટભાઈ બુધ્ધ )**
ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૧૭૯